# પ્રજાની ઉદાસીનતાથી ઓછા મતદાનનો અણસાર

ગાંધીનગર, તા. ૧૫

*આગામી લોકસભાની ચૂંટણી નજીકના દિવસોમાં છે પરંતુ શહેરમાં ચૂંટણી લક્ષી ગરમાવો તો જોવા મળતો નથી પણ મંદ પ્રચાર ઝુંબેશના લીધે ઘોર નિરસતાનો માહોલ જોવા મળે છે. જો કે આકરી ગરમી પણ ફિક્કા માહોલ માટે જવાબદાર છે. જયારે કેટલાક મતદારો એવું પણ માને છે કે આ ચૂંટણીમાં સ્પર્ધાત્મક અભિગમના અભાવે ઉત્તેજનાનો અભાવ વર્તાઈ રહ્યો છે ત્યારે મતદાનની ટકાવારી સામે પણ મોટોમસ પ્રશ્નાર્થ સર્જાયો છે.*



મતદારો જાણે છે કે અમુક પાર્ટી જ સત્તા પર આવવાની છે. બુધ્ધિજીવી વર્ગ મતદાન કરવામાં વધુ રસ ધરાવતો નથી તે જાણે છે કે લોકશાહીનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. અમુક પક્ષો નબળા મગજના મતદારોને પૈસાની કે વસ્તુઓની લાલચ આપીને પોતાના તરફ મતદાન કરાવે છે. હવે ઈવીએમ મશીન આવ્યા છે તો તેમાં ટેકનીકલ ખામી સર્જીને પણ પોતાના તરફ વોટ કરાવી શકાય છે તો આવા માણસો એમ વિચારે છે કે મારા એક મતથી કોઈ ફરક પડવાનો નથી તેમ વિચારીને તેમને કોઈ ઉત્સાહ હોતો નથી. પરંતુ આપણો દેશ લોકોનો, લોકો માટે અને લોકોથી ચાલતો લોકશાહી દેશ છે. જાગૃત મતદારો પોતાના એક મતનું મહત્વ સમજીને જો મતદાન કરે તો દેશનું ભવિષ્ય ખૂબ ઉજજવળ બને. દરેક નાગરિકે વિકાસશીલ, સહિષ્ણુ અને બિનસાંપ્રદાયિક પાર્ટી લાવવા માટે કોશિશ કરવી જોઈએ.

**● હેલી શાહ**



સરકારની એવી કોઈ યોજના કે જે સામાન્ય જનતાને અસર કરે જેની અસર જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સાથે જોડાયેલ હોય તેવી કોઈ યોજના જ નથી. દરેકને રોજ મેટ્રોની મુસાફરી નથી કરવાની. અમુક યોજનાઓ કે જે કોઈક જ વખત કામ લાગે. એવા વિસ્તારના કોઈ નેતા નથી કયારે પક્ષ પલટુ થાય તેની કોઈ ગેરંટી નથી. રાજકીય વાતાવરણ ડામડોળ લાગી રહ્યુ છે. શહેરમાં લગભગ સરકારી કર્મચારીઓ વધુ છે જેઓ રાજકારણમાં ભાગ લેતા જ નથી.

**● ભારતીબેન મિસ્ત્રી**



હાલની પ્રજાને પોતાના હકો અને સ્વતંત્રતાની પૂરી સમજ છે જેથી તેમને પોતાની માંગણીઓ પુરી થાય છે કે નહીં તેની ચિંતા હોય છે, નહીં કે કઈ સરકાર આવે. આજની યુવા પેઢીને જાતિવાદમાં નહિ પણ સમાજના હિતમાટેના કાર્યો થાય તેમાં રસ છે. વોટ બેંક હવે જાતિવાદ વાત અને ભાગલા પર જીતી શકાય એમ નથી. નેતાઓ અને પ્રજાને તે ખબર પડી ગઈ છે. ગરીબ કલ્યાણ યોજના, સુજલામ સુફલામ યોજના જેવી મોટી મોટી યોજનાઓ સાકાર થતી જોવી છે ખાલી કાગળ પર જ નથી જોવી. આજની પેઢી અને વાઈબ્રન્ટ ગ્લોબલ સમીટમાં થતા એમઓયુની સાથે સાથે ખેડૂત માટે ન્યાય પણ જોવે છે. કયો પક્ષ આવે છે તેના કરતા વિકાસ કેટલો થાય છે તે જરુરી છે.

**● રાજન ત્રિવેદી**



સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મતદારોને તેઓના જન્મસિધ્ધ એવા મત આપવાના અધિકાર માટે જાગૃત કરવા પડે છે જો લોકશાહી દેશ માટે ચિંતાજનક બાબત છે. દરેક મતાધિકાર ધરાવતી વ્યકિતઓએ તેઓના વિશિષ્ટ હકનો ઉપયોગ કરીને મત નહીં આપવાની ઉદાસીનતાને દુર કરવાથી જ રાષ્ટ્રનો વિકાસ થશે.

**● હિતેશ રાવલ**



મતદાન એક એવી કાર્યપ્રણાલી છે કે જેમાં જે તે વિસ્તારના લોકો પોતાના વિસ્તારના પ્રતિનિધિત્વ માટે એક પ્રમુખની પસંદગી કરે છે. તે પ્રમુખની વરણી થાય તે પહેલા તે પ્રચાર-પ્રસારના માધ્યમને અનુસરે છે. જયારે પ્રજાને તેમની અપેક્ષાઓ અને જરૂરિયાતો પૂર્ણ થતી હોય તેવું લાગતું નથી એટલે તેઓ મતદાન કરવાને પ્રાધાન્ય આપતા નથી. યુવા વર્ગને પોતાના અપેક્ષા મુજબનું ભવિષ્ય ચૂંટણી વચનોમાં પૂર્ણ થતું દખાતું નથી. વર્તમાન સમયમાં પ્રચાર પ્રસારના માધ્યમો આજે અંતરિયાળ ગામો સુધી પહોંચ્યા છે જો યોગ્ય રીતે પ્રચાર પ્રસાર થાય તો મારા મતે મતદાન પ્રમાણમાં વધુ થવાની સંભાવના રહે. મતદાન એ આપણી પવિત્ર અને નૈતિક ફરજ છે તેમ સમજી મતદાન કરવું જોઈએ.

**● પ્રિતી મિશ્રા**



સરકારની નીતિઓને લીધેમાં પ્રજામાં રહેલી અસંતોષની લાગણી જેના લીધે પ્રજા અને સરકાર વચ્ચે તફાવત વધતો જાય છે. શાસક પક્ષથી અણગમાને લીધે લોકોમાં એવી લાગણી અનુભવાય કે બીજા મોટા પક્ષમાં પણ ભુતકાળની આવા જ પ્રકારના અસંતોષજનક કામગીરીના લીધે કોઈ પણ બદલાવ નહીં આવે. પ્રજામાં એવી ભાવના કેળવાઈ રહી છે કે શાસક પક્ષને જ બહુમતી મળશે જેથી આપણા મતદાનથી કંઈ ફેરફાર નહીં થાય. કેટલીકવાર જાતિવાદ પણ કારણસર બની શકે. આપણા જ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રજાના પ્રતિનિધિ તરીકે યોગ્ય ઉમેદવારને મત આપવો તેવી લોકશાહીનો સાચા અર્થમાં સમજણમાં અભાવ.

**● હર્ષવર્ધન ચાવડા**



માહોલ મોટે ભાગે ઉમેદવારો તરફથી જ ઉભો કરવામાં આવતો હોય છે. હાલમાં સોશિયલ મીડીયા અને ટેકનોલોજીને કારણે ચૂંટણીપંચ મારફતે આદર્શ આચાર સંહિતાનો કડક અમલ થતો હોઈ એવો કોઈ માહોલ દેખાતો નથી. ટીવી અને મોબાઈલને કારણે જાહેર સ્થળોએ જે માહોલ હોવો જોઈએ તેના બદલે ઘર કે કચેરીઓની ચાર દિવાલો વચ્ચે અટવાઈ ગયો છે. જેને કારણે મતદારોનું મન કળવું ઉમેદવારો માટે મુશ્કેલ બની રહ્યું છે. ચા-નાસ્તા કે ખાણીપીણીથી હવે મતદારો આકર્ષાતા હોય તેમ જણાતું નથી. ઘણી જગ્યાએ તો પ્રચાર માટે ઉમેદવારો જાય છે ત્યાં પોતાના વિસ્તારના પ્રશ્નોના નિરાકરણ માટે શું કર્યુ તેના જવાબો ઉમેદવારો માંગે છે અને તેઓને જાકારો આપે છે. આમ ઘણી જગ્યાએ મતદાર પોતાનો આક્રોશ/વિરોધ ખુલ્લેઆમ દર્શાવી રહ્યા છે. પરંતુ કોઈ પણ પક્ષ કે ઉમેદવારની તરફેણ ખુલ્લી રીતે થતી હોય તેમ દેખાતું નથી.

**● અમુ કિશન**



સરકારની એવી કોઈ યોજના કે જે સામાન્ય જનતાને અસર કરે જેની અસર જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ સાથે જોડાયેલ હોય તેવી કોઈ યોજના જ નથી. દરેકને રોજ મેટ્રોની મુસાફરી નથી કરવાની. અમુક યોજનાઓ કે જે કોઈક જ વખત કામ લાગે. એવા વિસ્તારના કોઈ નેતા નથી કયારે પક્ષ પલટુ થાય તેની કોઈ ગેરંટી નથી. રાજકીય વાતાવરણ ડામડોળ લાગી રહ્યુ છે. શહેરમાં લગભગ સરકારી કર્મચારીઓ વધુ છે જેઓ રાજકારણમાં ભાગ લેતા જ નથી. આમ ઘણી જગ્યાએ મતદાર પોતાનો આક્રોશ/વિરોધ ખુલ્લેઆમ દર્શાવી રહ્યા છે. પરંતુ કોઈ પણ પક્ષ કે ઉમેદવારની તરફેણ ખુલ્લી રીતે થતી હોય તેમ દેખાતું નથી.

**● જયેશ પંચોલી**




ગાંધીનગર લોકસભા બેઠક પર જયારથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉમેદવારી નોંધાવી છે ત્યારથી આ બેઠક પર સમગ્ર રાષ્ટ્રની નજર અંકાઈ છે. અમિત શાહની ઉમેદવારીના કારણે સમગ્ર ગુજરાતમાં ભાજપ કાર્યકરોમાં ભારે ઉત્સાહનો સંચાર થવા પામ્યો છે. અમિત શાહે રાંધેજા માર્ગ પરની રાજા પુરોહિત હોટલ ખાતે ચુંટણી લક્ષી સભા યોજી આ બેઠક પર 'ગ્રાઉન્ડ લેવલ'ના પ્રચારનું કાર્ય ધરી સંકેત આપ્યો હતો કે તેઓ આ બેઠકને ગંભીરતાથી લઈ રહ્યા છે.

# સે-૨૨માં પાંખી હાજરીના લીધે ભાજપનો કાર્યક્રમ રદ કરાયો

ગાંધીનગર તા ૧૫

લોકસભાની ચુંટણીને અનુલક્ષી કલોલમાં અમિત શાહના રોડ શો ના અંતે સે-૨૨ રંગમંચ ખાતે કાર્યકરોને સંબોધવા તેમજ સંસ્થાના આગેવાનો તેમજ વેપારીઓ સહીતના આગેવાનોને મળવા માટે અમિત શાહ આવવાના હોવાની જાહેરાત પણ મોટે ઉપાડે પક્ષ દ્વારા કરવામાં આવી હતી. કલોલના રોડ શો તેમજ રાંધેજાની બેઠક બાદ સે-૨૨ ના રંગમંચ ખાતે અમિત શાહ હાજરી આપવાના હતા પરંતુ પુરતી સંખ્યા ન થતા કાર્યક્રમમાં ફેરફાર કરી દેવાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સ્થળ પર ખાલી ખુરશીઓ જોઈને ભીડ એકઠી કરવા પણ પ્રયાસ કરાયા હતા. આવા સંજોગોમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ આવવાના હોવા છતા શહેર ભાજપના સંગઠન તેમજ સ્થાનિક નેતાઓએ આ મામલે વધુ પડતો આત્મવિશ્વાસ રાખી કોઈ આગોતરુ આયોજન ન કર્યુ હોવાનો ગણગણાટ પણ ઉઠવા પામ્યો છે જયારે શહેર ભાજપનુ સંગઠન નબળુ પુરવાર થયો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. પ્રદેશ ભાજપે પણ આ વાતની ગંભીર નોંધ લીધી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ના હુ રામના નામે મત માંગતો નથી, ગઈકાલે રામનવમીનાં દિવસે મારી વાઈફ પાસે રામના નામે ફરાળ પણ નંતુ માગ્યું... હું હોટલમાં જમી આવ્યો હતો...!!**

# અમરેલીમાં મોદી મેજિક ન ચાલ્યો તો ભાજપના કાછડીયા ઘરભેગા થશે

ગાંધીનગર

અમરેલીની બેઠક પર ભાજપના સાંસદ નારણ કાછડિયા વિરૂદ્ધ કોંગ્રેસના ધારાસભ્ય અને વિપક્ષી નેતા પરેશ ધાનાની વચ્ચે મુકાબલો




થવાનો છે. આ લોકસભા બેઠક પર મોદી મેજિક ન ચાલ્યો તો ભાજપના ઉમેદવાર ઘરભેગા થાય તેમ છે.

અમરેલી બેઠક એ કોંગ્રેસનો ગઢ છે. સાત વખત કોંગ્રેસ અને પાંચ વખત ભાજપના ઉમેદવાર વિજયી થયા છે. લોકસભા વિસ્તારમાં આવતી વિધાનસભાની સાત પૈકી પાંચ બેઠકો પર કોંગ્રેસના ધારાસભ્યો છે. ૧૯૮૯માં આ બેઠક જનતાદળને મળી હતી. પૂર્વ મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના સાથી મનુભાઈ કોટડીયા ચૂંટાઈ આવ્યા હતા.

આ વખતે અમરેલી બેઠક પર ભાજપે છેલ્લી બે ટર્મથી ચૂંટાઈ આવતા નારણ કાછડિયાને ત્રીજી ટર્મ માટે રીપીટ કરવામાં આવ્યા છે. સત્તા વિરોધી મતદાનની દહેશતના કારણે ભાજપ પરેશાન છે. બીજી તરફ કોંગ્રેસે વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને અમરેલીના ધારાસભ્ય પરેશ ધાનાણીને ઉમેદવાર બનાવ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર ગ્રાસરૂટના કાર્યકર છે. અમરેલીમાં લોકચાહના પણ ધરાવે છે.

આ બેઠક પર ૧૩ લાખ મતદારો છે જેમાં પાટીદારોનું પ્રભૂત્વ છે. અમરેલીના લોકો સુરતમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત અહીં ખેતી સૌથી મોટો વ્યવસાય છે. ખેતી સાથે સંકળાયેલો તેલની મીલોનો ઉદ્યોગ પણ આ વિસ્તારમાં ધમધમે છે. પાટીદાર અનામત આંદોલન સમયે અમરેલી સૌથી વધુ સક્રિય રહ્યું હતું જેના કારણે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને વધુ નુકશાન થયું હતું.

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને સૌથી

**અમરેલી બેઠક એ કોંગ્રેસનો ગઢ છે. સાત વખત કોંગ્રેસ અને પાંચ વખત ભાજપના ઉમેદવાર વિજયી થયા છે**

વધુ બેઠકો જીતાડવામાં પરેશ ધાનાણીનો મહત્વનો ફાળો રહ્યો છે. આ વિસ્તારમાં પાક વીમો, સિંચાઈ માટે પાણી અને વીજળીની સમસ્યાઓ છે. ખેડૂતોમાં ભાજપ પ્રત્યે નારાજગી છે. પાટીદારો પણ ભાજપ પ્રત્યે નારાજ છે.

ભારતીય જનતા પાર્ટીએ ભલે છેલ્લી બે ટર્મથી અમરેલી લોકસબા બેઠક પર વિજય મેળવ્યો હોય, આ વખતે ભાજપ માટે પરેશ ધાનાની મુશ્કેલી સર્જી શકે છે. ગ્રામીણ મતદારો ભાજપથી નારાજ છે, જેની સીધી અસર અમરેલી બેઠક પર થઈ શકે છે. આ બેઠક પર મોદીનો કરિશ્મા ન ચાલ્યો તો ભાજપના ઉમેદવારની જીત કઠીન છે.

અમરેલી બેઠક મેળવવા માટે ભાજપે તેના સ્ટાર પ્રચારકોની વધુમાં વધુ જનસભાઓ ગોઠવી છે. અમરેલીમાં જનસભા સંબોધવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી આવી રહ્યાં છે. બન્ને પાર્ટી માટે અમરેલીની લોકસભા બેઠક પ્રતિષ્ઠાનો જંગ બની છે.

# ભાજપની આશા પટેલ નિરાશામાં... કોંગ્રેસ છોડી ગયેલા સભ્યોની ઘરવાપસી

ગાંધીનગર

ઉંઝાના કોંગ્રેસના ધારાસભ્ય આશા પટેલ રાજીનામું આપીને ભાજપમાં જોડાયા ત્યારે તેમની સાથે પંચાયત અને પાલિકાના સભ્યો પણ ભાજપમાં જોડાયા હતા પરંતુ હવે આશા પટેલ સિવાયના તમામ સભ્યો કોંગ્રેસમાં પાછા આવી ગયા છે અને કોંગ્રેસના ઉમેદવારનો ચૂંટણી પ્રચાર કરી રહ્યાં છે.

લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના ધારાસભ્ય આશા પટેલ વિધાનસભાના અધ્યક્ષને રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા. તેમની ઉંઝા બેઠક ખાલી પડતાં ભારતના ચૂંટણી પંચે આ બેઠકની પેટાચૂંટણી લોકસભાની સાથે જાહેર કરી છે. આશા પટેલને વિધાનસભાની પેટાચૂંટણીમાં સાથ આપવાની જગ્યાએ કોંગ્રેસના એક ઓપરેશનમાં કોંગ્રેસના તમામ સભ્યો અને હોદ્દેદારો પાછા કોંગ્રેસમાં જોડાઈ ગયા છે.

ઉંઝા નગરપાલિકા અને તાલુકા પંચાયતના સભ્યો પાછા કોંગ્રેસમાં જોડાતાં આશા પટેલને ફટકો પડ્યો છે. તેમની આ બેઠક હવે જોખમી બની છે, કેમ કે ભાજપના નારાજ કાર્યકરોએ પણ આશા પટેલની વિરૂદ્ધમાં ચૂંટણી પ્રચાર કામગીરી શરૂ કરી છે. ઉંઝાના પૂર્વ ધારાસભ્ય નારણ પટેલ સહિતના ભાજપના આગેવાનો આશા પટેલને ટિકીટ આપવામાં આવતા નારાજ થયેલા છે.

પાર્ટીના સૂત્રોએ કહ્યું છે કે ઉંઝા તાલુકા પંચાયતના તમામ ૧૩ સભ્યો કોંગ્રેસમાં જોડાઈ ગયા છે તેથી તાલુકા પંચાયતમાં ફરી કોંગ્રેસના પ્રમુખની સત્તા આવી શકે છે. ઉંઝા નગર પાલિકાના સભ્યો પણ કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે તેથી આશા પટેલની જીતની શક્યતા ઓછી થતી જણાય છે. કોંગ્રેસના બળવાખોર નેતાને હરાવવા માટે કોંગ્રેસ ઉપરાંત ભાજપના નારાજ કાર્યકરો પણ મેદાને પડ્યા છે. ભાજપે જ્યારે આશા પટેલને ઉંઝા વિધાનસભાની ટિકીટ આપી ત્યારે ભાજપના સ્થાનિક આગેવાનોએ જ વિરોધ કર્યો હતો.

# ધવલ જાનીને ચૂંટણી પંચે દૂર કર્યા, ધોળકામાં નવા ઓફિસરની નિયુક્તિ

## દેવભૂમિ દ્વારકાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી આરએમ જલાંદ્રાની નિયુક્તિ

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ધોળકા મતક્ષેત્રમાં મતગણતરી સમયે ગરબડ કરનાર ધોળકાના પ્રાંત ઓફિસર ધવલ જાનીને ભારતના ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીના સંચાલનની પ્રક્રિયામાંથી મુક્ત કર્યા છે. તેમની જગ્યાએ ચૂંટણી પંચના આદેશ પછી રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે દેવભૂમિ દ્વારકાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી આરએમ જલાંદ્રાની નિયુક્તિ કરી છે.

પંચના આદેશ પછી સરકારે ત્વરીત પગલું ભર્યુ છે. વિધાનસભાની ચૂંટણી સમયે ધોળકામાં ફરજ બજાવતા ડેપ્યુટી કલેક્ટર ધવલ જાનીએ મત ગણતરી વખતે બેદરકારી દાખવી કથિત રીતે ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને મદદ કરી હતી. માત્ર ૩૨૭ મતનું માર્જીન મેળવનાર ભૂપેન્દ્રસિંહની જીતને પડકારતી પિટીશનમાં જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણી અધિકારીએ ખોટી રીતે પોસ્ટલ બેલેટ પેપરની ગણતરી કરી હતી જેમાં ૪૨૭ મતો ગણવામાં આવ્યા ન હતા. એટલું જ નહીં ડેપ્યુટી કલેક્ટર ધવલ જાની પ્રતિબંધિત મતગણતરી ક્ષેત્રમાં મોબાઈલ ફોન પર વાતો કરતા હતા તેમજ મત ગણતરી કેન્દ્રની વિડીયોગ્રાફી પણ કરાવી ન હતી, જે ચૂંટણી પંચની ગાઈડલાઈનના ભંગ સમાન હતું. ગુજરાત હાઈકોર્ટે તેમને નોટીસ ફટકારી છે. ધોળકાની ચૂંટણી હારી ગયેલા અશ્વિન રાઠોડે કરેલી પિટીશન ન્યાયિક કાર્યવાહી હેઠળ છે ત્યારે ધવલ જાનીને લોકસભાની પ્રક્રિયામાં રાખવા એ જોખમ છે તેવું ચૂંટણી પંચને લાગતાં પંચે તેમને ચૂંટણી કાર્યવાહીમાંથી દૂર કર્યા છે.

# જામનગરમાં આહિર ઉમેદવારો વચ્ચે ટક્કર, બન્ને ઉમેદવાર લોકપ્રિય

ગાંધીનગર

જામનગરની લોકસભા બેઠક પર ભાજપે તેના સાંસદ પુનમ માડમને રિપીટ કર્યા છે અને તેમના સંસદીય મતવિસ્તારમાં કામો બોલે છે પરંતુ કોંગ્રેસના ઉમેદવાર મુળુ કંડોરિયા કાચા ખેલાડી નથી. બન્ને ઉમેદવારો આહિર સમાજમાંથી આવે છે તેથી જામનગર બેઠકમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે નહીં આહિર સમાજ વચ્ચે ટક્કર છે.

આ બેઠક ઉપર સૌથી વધુ આઠ વખત કોંગ્રેસના ઉમેદવાર જીત્યા છે. ભાજપને છ વખત જીત મળી છે. બે વખત અન્ય પાર્ટીનો વિજય થયો છે. આ બેઠક પર કોઈ એક પાર્ટીનું વર્ચસ્વ રહ્યું નથી, પરિવર્તન જોવા મળ્યું છે. જામનગરના લોકો કહે છે કે પુનમ માડમે આ વિસ્તારમાં વિકાસના કામો કર્યા છે તેથી પાર્ટી હાઈકમાન્ડની યાદીમાં જામનગર પરથી માત્ર એક જ નામ આવ્યું હતું. પાર્ટી ઉપરાંત જામનગરની જનતાએ પુનમ માડમના નામને સ્વિકૃતિ આપી છે. ૨૦૧૪માં સાંસદ બન્યા પહેલાં પુનમ માડમ ગુજરાત વિધાનસભાના સભ્ય હતા. ભાજપે તેમને લોકસભાની ટિકીટ આપી હતી.

જામનગર લોકસભા વિસ્તારમાં આવતી વિધાનસભાની સાત બેઠકો પૈકી કોંગ્રેસને ચાર અને ભાજપને ત્રણ બેઠકો મળી હતી. દ્વારકાની બેઠક પર પબુભા માણેકનો વિજય થયો હતો પરંતુ ઉમેદવારી ફોર્મમાં ભૂલના કારણે ગુજરાત હાઈકોર્ટે દ્વારકાની ચૂંટણી રદ કરતાં આ બેઠક પર પેટાચૂંટણી આવી રહી છે. જામનગર બેઠક પર ૧૬ લાખ ઉપરાંત મતદારો છે જે પૈકી પાટીદાર અને મુસ્લિમ મતદારો વધારે છે છતાં આ બન્ને સમાજમાંથી ઉમેદવાર નથી. એ ઉપરાંત આહિર, રાજપૂત, દલિત, બ્રાહ્મણ સહિતની વિવિધ જ્ઞાતિના લોકો જામનગરમાં વસે છે.

ભાજપના ઉમેદવાર પુનમ માડમના પિતા હેમંત માડમના પુત્રી છે. હેમંત માડમ જામનગરમાંથી ત્રણ ત્રણ વખત અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાયેલા હતા. સાંસદ તરીકે પુનમ માડમની આ બીજી ટર્મ છે. તેઓ મહિલા મતદારોમાં લોકપ્રિય છાપ ધરાવે છે. બીજી તરફ મુળુ કંડોરિયા પણ શિક્ષિત છે. આહિર સમાજમાં તેમનું વર્ચસ્વ છે. જામનગરમાં સમૂહ લગ્નોના આયોજનમાં તેમનું મોટું નામ છે. તેઓ સામાજીક કાર્યકર છે તેથી પુનમ માડમ સામે ફાઈટ આપી શકે તેવા કોંગ્રેસના ઉમેદવાર છે.

પાટીદાર મતદારો હોવાથી આ બેઠક માટે કોંગ્રેસે પહેલાં પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલનું નામ મૂક્યું હતું પરંતુ હાર્દિક પટેલ સામે કેસ ચાલતા હોવાથી અદાલતે તેમને લોકસભાની ચૂંટણી લડવાની મંજૂરી આપી ન હતી, છેવટે કોંગ્રેસે આ બેઠક પર આહિર સમાજના ઉમેદવારની પસંદગી કરી હતી. કંડોરિયા ૩૦ વર્ષથી કોંગ્રેસમાં સક્રિય છે અને વેપારી વર્ગમાં મોટી ચાહના ધરાવે છે.